ભાવનગર યુનિવર્સિટી
ભાવનગર

પરીક્ષા વિભાગ
(સંચાલન)

પરીપત્ર :–

**વિષયઃ–** સને – ૨૦૧૧ નાં પ્રથમ છ માસ દરમ્યાન CBCS-Semester ની લેવાનાર પરીક્ષાઓના આવેદનપત્રો સ્વીકારતી વખતે બિન શૈક્ષણિક કર્મચારીઓએ ધ્યાનમાં લેવાની અગત્યની બાબતો અંગે.
**સંદર્ભ :** – જાહેરનામું ક્રમાંકઃપરીક્ષા/સંચાલન/ ૨૧૩૨ /૧૦/ તા. ૦૫ /૦૬ /૨૦૧૦/પરીપત્ર તા.૦૯/૧૨/૨૦૧૦

આથી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંબંધિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ,બાહય અભ્યાસક્રમ તથા ડિપ્લોમા કોર્સીસના કો–ઓર્ડિનેટરશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા લેવાનાર **આગામી માર્ચ / એપ્રિલ –૨૦૧૧માં યુનિવર્સિટી દ્વારા જુદી જુદી વિદ્યાશાખા હેઠળની લેવાનારી પરીક્ષાઓ અંગેનું જાહેરનામું આ સાથે સામેલ છે.** વિદ્યાર્થીઓના પરીક્ષાનાં આવેદનપત્રો સ્વીકારતી વખતે આપની સંસ્થાની વિદ્યાર્થીશાખાનાં કર્મચારીઓએ નીચે જણાવેલ બાબતો ખાસ ધ્યાનમાં લઈ પરીક્ષાનું આવેદન પત્ર સ્વીકારવા તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૧) વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી જરૂરી પરીક્ષા ફોર્મ – ફોર્મ દીઠ રૂા.૨૦/– મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ થતી ફોર્મ ફીની રકમ ચેક / ડ્રાફટ અથવા રોકડ રકમ દવારા કોલેજ / ભવનનો પત્ર લાવી યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં (સ્ટોરમાં) રજૂ કરી ફોર્મ ફી જમા કરાવી પરીક્ષા ફોર્મ મેળવી લેવાના રહેશે.વખતો વખત પરીક્ષા ફોર્મનો હિસાબ નિયત સમયે પરીક્ષા (સ્ટોર) માં રજૂ કરવાનો રહેશે.

(૨) પરીક્ષાર્થીઓના આવેદન પત્રો નીચે જણાવેલ ક્રમ પ્રમાણે સળંગ અનુક્રમ નંબર આપી પરીક્ષા વિભાગમાં બોક્ષ ફાઈલમાં ફાઈલીંગ કરી નિયત કરેલ કોમ્પ્યુટરાઈઝડ માહિતી પત્રક નકલ–૨ સાથે વ્યવસ્થિત ફાઈલીંગ કરી પરીક્ષા વિભાગમાં મોકલવાના રહેશે. બોક્ષ ફાઈલમાં ફાઈલીંગ કર્યા વગરના ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં. માહિતી પત્રક સાથે નિયત કરેલ ફોર્મેટમાં ડેટા એન્ટ્રી કરેલ વિદ્યાર્થીની માહિતીની સી.ડી.મોકલવાની રહેશે.

(અ) પ્રથમ (WHOLE EXAMINATION) આખી પરીક્ષામાં – બેસનાર વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ કક્કાવારી મુજબ ગોઠવી અનુક્રમ નંબર આપી પરીક્ષા વિભાગમાં મોકલવાનાં રહેશે.

ઉપર જણાવ્યા મુજબ WHOLE /PART/A.T.K.T.-EXAM ના આવેદન પત્રો ઓર્ડરમાં ગોઠવી અનુક્રમ નંબર આપી બોક્ષ ફાઈલમાં ફાઈલીંગ કરી પરીક્ષા વિભાગને મોકલવાના રહેશે. ફાઈલીંગ કર્યા વગરના આવેદન પત્રો સ્વીકારવામાં આવશે નહિ.

(૩) પરીક્ષાર્થીઓ જયારે આવેદન પત્રો ભરે ત્યારે માર્કશીટ મુજબ જ નામ આવેદન પત્રમાં લખવા જણાવવું અને તેની ચકાસણી કરી લેવી તથા આવેદન પત્ર સાથે અગાઉ પાસ કરેલ માર્કશીટની ઝેરોક્ષ જોડેલી છે કે કેમ તેની ચકાસણી કરી પરીક્ષાનું આવેદન પત્ર સ્વીકારવું.

(૪) પરીક્ષાર્થીઓએ ભરેલા આવેદનપત્રો મુજબ પરીક્ષા વાઈઝ નિયત કરેલ **<u>E.D.P.S.ના કોમ્પ્યુટરાઈઝડ ફોર્મેટમાં એકસેલમાં સી.ડી. તૈયાર કરી પરીક્ષા વિભાગમાં મોકલવાની રહેશે.</u>** જે અંગેના નવા **<u>SUBJECT CODE</u>** પરીક્ષા વિભાગ દ્વારા **<u>E-mail</u>** થી મોકલી આપવામાં આવશે. વિદ્યાર્થીનું નામ **<u>H.S.C.</u>** પરીક્ષાની માર્કશીટ મુજબ જ કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરવાની રહેશે.

EDPS Cell દ્વારા તૈયાર કરવમાં આવેલ Excel format માં કઈ રીતે કરવી તે નીચે નમૂના દર્શાવેલ છે.(માત્ર જે વિદ્યાર્થીને Unique id મળી ગયા છે તે માટે જ)

| Type of Exam | Reg no. વિદ્યાર્થીનો Unique id | Form No. | Sub1 Code | Sub2 Code | Sub3 Code | Sub4 Code | Sub5 Code | Sub6 Code |
|---|---|---|---|---|---|---|---|---|
| Whole Exam | BU 10110001045 | 3905 | 1015 | 1016 | 1017 | 1018 | 1020 | 1021 |
| Part Exam | BU101104504B | 1450 | 1001 | 1012 | | | | |

(૫) પરીક્ષાર્થીઓનાં પરીક્ષાફોર્મ તથા પરીક્ષા વાઈઝ માહિતીપત્રક નકલ – બે માં તૈયાર કરી જાહેરનામામાં નિયત કરેલ તારીખો મુજબ પરીક્ષાના આવેદનપત્રો સાથે પરીક્ષા ફી **''યુનિવર્સિટી એકઝામીનેશન એકાઉન્ટ''** ના નામનો ચેક / ડ્રાફ્ટ અથવા રોકડ રકમ યુનિવર્સિટી કાર્યાલયના **<u>પરીક્ષા વિભાગ મારફત યુનિવર્સિટીનાં કેશ વિભાગમાં સવારના ૧૧ થી ૨ કલાક દરમિયાન જમા કરાવવાની રહેશે.</u>**

(૬) વધુમાં જણાવવાનું કે અનિવાર્ય સંજોગોમાં જો કોઈ વિદ્યાર્થી નિયત કરેલ લેઈટ ફી વગરની તારીખ મુજબ પરીક્ષા ફોર્મ ભરવામા મોડા થયા હોય તો ગ્રાન્ટઈનએઈડ માટે <u>રૂ.૧૦૦૦/–</u> તથા સેલ્ફફાઈનાન્સ માટે <u>રૂ. ૧૫૦૦/– લેઈટ ફી સાથે</u> પરીક્ષાનું આવેદન પત્ર સ્વીકારી માહિતીપત્રક તૈયાર કરી લેઈટ ફી સહિતની નિયત કરેલ તારીખ સુધીમાં જ યુનિવર્સિટી કાર્યાલયને એક્કી સાથે મોકલવાના રહેશે. **ત્યાર બાદ કોઈપણ પરીક્ષાના આવેદનપત્રો સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

(૭) પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરતી વખતે (માહિતી પત્રક તૈયારકરતી વખતે) પરીક્ષામા બેસનાર વિદ્યાર્થી REGULAR / EX - STUDENT વગેરેની માહિતી માહિતી પત્રકમાં કાળજી રાખી દર્શાવવાની રહેશે. EX- STUDENT ના વિદ્યાર્થીઓનું આવેદન પત્ર સ્વીકારતી વખતે અગાઉ પાસ કરેલ પરીક્ષાની તમામ માર્કશીટની નકલ સામેલ કરેલ છે કે કેમ તેની ખરાઈ કરી આવેદન પત્ર સ્વીકારવું.

ભાવનગર યુનિવર્સિટીનાં CBCS પધ્ધતિ મુજબ જે કોઈ વિદ્યાર્થી સેમે–૧માં ફેઈલ હોય કે પાસ હોય તેવા તમામ વિદ્યાર્થીઓ Sem-II માં પરીક્ષાના આવેદન પત્રો ભરવા દેવામાં આવશે. પરંતુ જે કોઈ વિદ્યાર્થી Sem-I માં ફેઈલ હશે તેવા વિદ્યાર્થીઓને Sem-3 માં એડમીશન મળવા પાત્ર થશે નહિ. તેજ રીતે Sem-4 માટે Sem-2 પાસ કરવું જરૂરી છે. તેજ રીતે Sem-5 માટે Sem-3 પાસ કરવું જરૂરી છે અને Sem-6 માટે Sem-4 પાસ કરવું જરૂરી છે.

(૮) જે અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના નિયમોની જોગવાઈ મુજબ સ્નાતક કક્ષાએ એનરોલમેન્ટ તથા અનુસ્નાતક કક્ષાએ રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત છે. પરંતુ કોઈ કારણસર કોઈ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ કે રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો યુનિવર્સિટી કાર્યાલયને કોઈ પણ સંજોગોમાં મોકલવા નહી.

(૯) કોપી કેસમાં થયેલ સજા કે નિર્ણય અંગેની લેખિત જાણ વિદ્યાર્થી કે કોલેજને કરવામાં આવી ન હોય તો કોલેજ મારફત આવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરીને મોકલી આપવા નહીં.

(૧૦) આવેદન પત્રોમાં દર્શાવેલ નામ માર્કશીટ મુજબ હોય તથા માર્કશીટ મુજબનું જ નામ નિયત કરેલ માહિતી પત્રકમાં હોવુ જોઈએ તથા વિદ્યાર્થીના વિષયોનું ગ્રુપ તથા વિદ્યાર્થીએ જે વિષયની પરીક્ષા આપવાની છે તે વિષયોની ચકાસણી કાળજીપૂર્વક કરવાની રહેશે. વિદ્યાર્થી નવા અભ્યાસક્રમના વિષયની પરીક્ષા આપવાના હોય તો વિષયની સામે (NEW) તથા જુના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાના હોય તો વિષયની સામે (OLD) દર્શાવવું. જે તે વર્ષની પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓની વિષયવાર નવા તેમજ જુના અભ્યાસક્રમ મુજબની સંખ્યા દર્શાવતુ પત્રક આવેદનપત્રો સાથે અલગ પત્રથી યુનિવર્સિટી કાર્યાલયનાં પરીક્ષા વિભાગમાં મોકલવું.

**(૧૧) એકેડમીક વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર મુજબ જુના અભ્યાસક્રમોની પરીક્ષા લેવામાં આવશે. જુના અભ્યાસક્રમની મુદત (ત્રણ ટ્રાયલ ) મુજબ જ જુના અભ્યાસક્રમના પશ્નપત્ર નીકળશે અન્યથા નહી.**

(૧૨) આર્ટસ–કોમર્સ અને આર્ટસ–કોમર્સ–સાયન્સ સંયુકત વિદ્યાશાખાવાળી કોલેજોએ આવેદનપત્રો એકજ '' ફોરવર્ડીગ લેટર'' સાથે ન મોકલતાં વિદ્યાશાખાવાર અલગઅલગ પત્ર અને ચેક / ડ્રાફટ થી પરીક્ષા ફી ની રકમ મોકલવા વિનંતી છે. તથા જે સંસ્થામાં Grant in aid તથા Self Finance ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી સંસ્થાઓએ બંન્નેની ફીનું ધોરણ અલગ અલગ હોય ફોરવર્ડિગ પત્ર અલગ અલગ તૈયાર કરી મોકલવા તથા આવેનદ પત્રો પણ અલગ અલગ ફાઈલમાં મોકલવા.

(૧૩) **એકઝીકયુટીવ કાઉન્સીલની તા. ૧૦/૦૧/૨૦૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૭ મુજબ** વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના આવેદન પત્રો ભરવાની નિયત થયેલ તારીખ પછીના બે દિવસમાં કોલેજ / ભવને/કેન્દ્રએ આવેદન પત્રો યુનિવર્સિટીને પહોંચતા કરવાના રહેશે. ઉપરોકત બાબતમાં જો કોલેજ / ભવન કસૂરવાર ઠરશે તો **રૂા. ૫૦૦૦ /–** દંડ સહિત વસૂલ કરવામાં આવશે.

(૧૪) **એકઝીકયુટીવ કાઉન્સીલની તા. ૧૫/૧૦/૨૦૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૮ મુજબ** ગ્રાન્ટઈનએડ તથા સેલ્ફ ફાઈનાન્સના તમામ વિદ્યાર્થીઓ માટે નિયત કરેલ પરીક્ષા ફીના દરો તથા લેઈટ ફી ના દરો મંજુર થયેલ છે તે મુજબ સીડી લેવાની રહેશે.

**આદેશથી.........**

**બિડાણઃ** – (૧) જાહેરનામાની નકલ
(૨) પ્રશ્નપત્રની સંખ્યા દર્શાવવા માટેનું પત્રક
(૩) <u>**EDPS**</u> મુજબના ફોર્મેટની કોમ્પ્યુટરાઈઝડ સીડી તૈયાર કરવા માટેના પત્રકની નકલ

**ક્રમાંક / પરીક્ષા / સંચાલન / ૯૮૩૬ /૨૦૧૦** **કુલસચિવ**

ભાવનગર યુનિવર્સિટી કાર્યાલય,યુનિવર્સિટી કેમ્પસ,
ગૌરીશંકર લેઈકરોડ,ભાવનગર.
**તા. ૦૯ / ૧૨ /૨૦૧૦**
**પ્રતિ,**

**૧.** ભાવનગર યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ..
**૨.** ભાવનગર યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તરફ.
**૩.**ભાવનગર યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન ડિપ્લોમા કોર્સીસના કો–ઓર્ડીનેટરશ્રીઓ તરફ....
**૪.** નિયામકશ્રી બાહય અભ્યાસક્રમ વિભાગ,ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર.

**નકલ જાણ સારુ : –**

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવ,ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર.
૨. કુલસચિવશ્રીના રહસ્ય સચિવ,ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર.
૩. આ યુનિવર્સિટીના તમામ વિભાગના વડાશ્રીઓ તરફ..........
૪. ડાયરેકટર IQAC C/o અંગ્રજી ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

# ભાવનગર યુનિવર્સિટી
# ભાવનગર

**: સને ૨૦૧૧ માં લેવાનારી CBCS સેમેસ્ટરની જુદી જુદી પરીક્ષાઓની માહિતી દર્શાવતુ ટેબલ**

જાહેરનામું ક્રમાંકઃ પરીક્ષા / સંચાલન / ૨૧૩૨ /૧૦ તા. ૦૫ / ૦૬ /૨૦૧૦

| ક્રમ | પરીક્ષાનું નામ | કોલેજ/ભવન દ્વારા આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે કોલેજે આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ GIA.R 1000/- | S.F. R 1500/- | પરીક્ષા શરૂ થવાની ટેન્ટેટીવ તારીખ | પરીક્ષા ફી GIA | પરીક્ષા ફી S.F. |
|---|---|---|---|---|---|---|---|
| **FACULTY OF ARTS (1)** | | | | | | | |
| 1 | B.A. Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 600/- | 900/- |
| 2 | B.A. Sem – I (With Practical) | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 700/- | 1000/- |
| 3 | B.A. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 600/- | 900/- |
| 4 | B.A. Sem – II (With Practical) | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 700/- | 1000/- |
| 5 | **M.A. Sem – I** English / Hindi / Gujarati / Sanskrit Economics / Sociology / History Psychology / Poli.-Science / Home-Science | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 900/- | 1300/- |
| 6 | **M.A. Sem – I (With Practical)** (English / Hindi / Gujarati /Sanskrit / Economics Sociology / History Psychology / Poli. -Science / Home-Science) | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1000/- | 1400/- |
| | | | | | | | |

| ક્રમ | પરીક્ષાનું નામ | કોલેજ/ભવન દ્વારા આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે કોલેજે આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ GIA.R 1000/- S.F. R 1500/- | પરીક્ષા શરૂ થવાની ટેન્ટેટીવ તારીખ | પરીક્ષા ફી GIA | પરીક્ષા ફી S.F. |
|---|---|---|---|---|---|---|
| **FACULTY OF ARTS (1)** | | | | | | |
| 7 | **<u>M.A. Sem – II</u>**<br>English / Hindi / Gujarati / Sanskrit Economics / Sociology / History Psychology / Poli.-Science / Home-Science | 27/12/2010 | 06/01/2011 | 21/03/2011 | 900/- | 1300/- |
| 8 | **<u>M.A. Sem – II (With Practical)</u>**<br>(English / Hindi / Gujarati /Sanskrit / Economics Sociology / History Psychology / Poli. -Science / Home-Science) | 27/12/2010 | 06/01/2011 | 21/03/2011 | 1000/- | 1400/- |
| 9 | B.L.I.Sc. sem – I | 27/12/2010 | 06/01/2011 | 01/04/2011 | 700/- | 900/- |
| 10 | B.L.I.Sc. sem – II | 27/12/2010 | 06/01/2011 | 01/04/2011 | 700/- | 900/- |
| 11 | M.L.I.Sc. Sem – I | 27/12/2010 | 06/01/2011 | 21/03/2011 | 800/- | 1200/- |
| 12 | M.L.I.Sc. Sem – II | 27/12/2010 | 06/01/2011 | 21/03/2011 | 800/- | 1200/- |
| **FACULTY OF SCIENCE (2)** | | | | | | |
| 1 | B.Sc Sem – I | 27/12/2010 | 06/01/2011 | 01/04/2011 | 700/- | 1200/- |
| 2 | B.Sc Sem – II | 27/12/2010 | 06/01/2011 | 01/04/2011 | 700/- | 1200/- |
| 3 | B.Sc. Sem – I (Nursing) | 27/12/2010 | 06/01/2011 | 01/04/2011 | - | 2000/- |
| 4 | B.C.A. Sem – I | 27/12/2010 | 06/01/2011 | 01/04/2011 | 1000/- | 1500/- |
| 5 | B.C.A. Sem – II | 27/12/2010 | 06/01/2011 | 01/04/2011 | 1000/- | 1500/- |
| 6 | **<u>M.SC SEM – I</u>**<br>(CHEM / I.C./PHYS /MATHS/ STAT /LIFE.SC / MARINE.SC / BIO.INFO ) | 27/12/2010 | 06/01/2011 | 21/03/2011 | 1500/- | 1800/- |
| 7 | **<u>M.SC SEM – II</u>** (CHEM / I.C./PHYS /MATHS/ STAT /LIFE.SC / MARINE.SC / BIO.INFO ) | 27/12/2010 | 06/01/2011 | 21/03/2011 | 1500/- | 1800/- |
| 8 | M.C.A. Sem – I | 27/12/2010 | 06/01/2011 | 21/03/2011 | 1500/- | 1800/- |

| ક્રમ | પરીક્ષાનું નામ | કોલેજ દ્વારા આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે કોલેજે આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ | | પરીક્ષા શરૂ થવાની ટેન્ટેટીવ તારીખ | પરીક્ષા ફી GIA | પરીક્ષા ફી S.F. |
|---|---|---|---|---|---|---|---|
| | | | GIA.R 1000/- | S.F. R 1500/- | | | |
| **FACULTY OF SCIENCE (2)** | | | | | | | |
| 9 | M.C.A. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1500/- | 1800/- |
| **FACULTY OF COMMERCE (3)** | | | | | | | |
| 1 | B.COM Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 600/- | 900/- |
| 2 | B.COM Sem – I (With Practical) | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 700/- | 1000/- |
| 3 | B.COM Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 600/- | 900/- |
| 4 | B.COM Sem – II (With Practical) | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 700/- | 1000/- |
| 5 | M.COM Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 900/- | 1300/- |
| 6 | M.COM Sem – I (With Practical) | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1000/- | 1400/- |
| 7 | M.COM Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 900/- | 1300/- |
| 8 | M.COM Sem – II (With Practical) | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1000/- | 1400/- |
| **FACULTY OF LAW (4)** | | | | | | | |
| 1 | L.L.B (M) Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 500/- | 800/- |
| 2 | L.L.B (W) Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 500/- | 800/- |
| **FACULTY OF EDUCATION (5)** | | | | | | | |
| 1 | B.ED SEM-I | 27/12/2010 | 06/01/2011 | | 11/04/2011 | 650/- | 900/- |
| 2 | B.ED SEM-II | 27/12/2010 | 06/01/2011 | | 11/04/2011 | 650/- | 900/- |
| 3 | B.ED (BASIC) SEM-I | 27/12/2010 | 06/01/2011 | | 11/04/2011 | 650/- | 900/- |
| 4 | B.ED (BASIC) SEM-II | 27/12/2010 | 06/01/2011 | | 11/04/2011 | 650/- | 900/- |
| 5 | M.ED SEM – I | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1000/- | 1200/- |
| 6 | M.ED SEM – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1000/- | 1200/- |
| 7 | B.P.Ed. Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 11/04/2011 | 650/- | 900/- |
| 8 | B.P.Ed. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 11/04/2011 | 650/- | 900/- |

| ક્રમ | પરીક્ષાનું નામ | કોલેજ દ્વારા આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે કોલેજે આવેદન પત્ર તથા માહિતી પત્ર યુનિવર્સિટીમાં પહોંચાડવાની છેલ્લી તારીખ | | પરીક્ષા શરૂ થવાની ટેન્ટેટીવ તારીખ | પરીક્ષા ફી GIA | પરીક્ષા ફી S.F. |
|---|---|---|---|---|---|---|---|
| | | | GIA.R 1000/- | S.F. R 1500/- | | | |
| **FACULTY OF MANAGEMENT (7)** | | | | | | | |
| 1 | B.B.A. Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 650/- | 900/- |
| 2 | B.B.A. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 650/- | 900/- |
| 3 | M.B.A. Sem – I | 03/11/2010 | 15/11/2011 | | 03/01/2011 | 1200/- | 1500/- |
| 4 | M.B.A. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1200/- | 1500/- |
| 5 | M.PHIL SEM – I | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1000/- | 1500/- |
| 6 | M.PHIL SEM – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1000/- | 1500/- |
| 7 | M.H.R.D. Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 2000/- | 2500/- |
| 8 | M.H.R.D. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 2000/- | 2500/- |
| **FACULTY OF RURAL (9)** | | | | | | | |
| 1 | B.R.S. Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 600/- | 900/- |
| 2 | B.R.S. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 600/- | 900/- |
| 3 | B.S.W. Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 1000/- | 1500/- |
| 4 | B.S.W. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 01/04/2011 | 1000/- | 1500/- |
| 5 | M.S.W. Sem – I | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1800/- | 2000/- |
| 6 | M.S.W. Sem – II | 27/12/2010 | 06/01/2011 | | 21/03/2011 | 1800/- | 2000/- |

* **નોંધ :** – તા. ૧૦/૦૧/૨૦૦૮ ના રોજની એકઝીકયુટીવ કાઉન્સીલની સભાના ઠરાવ ક્રમાંક : ૧૭ થી પરીક્ષા ફી તથા લેઈટ ફી મંજૂર થયેલ છે.

આદેશથી...

કુલસચિવ

પ્રતિ,

૧. ભાવનગર યુનિવર્સિટી સંચાલિત / સંલગ્ન / વિનયન / વિજ્ઞાન/ વાણિજય / કાયદા /શિક્ષણ /ઈજનેરી/ મેનેજમેન્ટ / તબીબી / ગ્રામવિદ્યા વિદ્યાશાખાની કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ....
૨. ભાવનગર યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વડાશ્રીઓ તથા કોલેજ સંચાલિત અનુસ્નાતક કેન્દ્ર ના.પ્રો.ઈન્ચાર્જશ્રીઓ તરફ....
૩. ભાવનગર યુનિવર્સિટીના તમામ ડીપ્લોમા કોર્સીસના કો–ઓર્ડીનેટરશ્રીઓ તરફ.
૪. નિયામકશ્રી બાહય અભ્યાસક્રમ વિભાગ,ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર.

**<u>નકલ સવિનય રવાના : –</u>**

૧. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,ભાવગર યુનિવર્સિટી,ભાવનગર.
૨. કુલસચિવશ્રીના સિનિયર આસિસ્ટન્ટ,ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર.
૩. સેક્રેટરીશ્રી,ગુજરાત એસ.એસ.સી.બોર્ડ,વડોદરા.
૪. સેક્રેટરીશ્રી,ગુજરાત હાયર સેકેન્ડરી સ્કુલ સર્ટિ એકઝામીનેશન બોર્ડ,ગાંધીનગર
૫. સચિવશ્રી,શિક્ષણ વિભાગ,બ્લોક નં : ૫,૯મો માળ,નવા સચિવાલય,ગાંધીનગર.
૬. ગુજરાત રાજયમાં આવેલ સર્વે યુનિવર્સિટીઓનાં કુલસચિવશ્રીઓ તરફ.
૭. આ યુનિવર્સિટીના તમામ શાખાઓના વડાશ્રીઓ તરફ.